PHONE : 220228/230068

MOBILE : 9428518890
Whatsapp No : 9624630066
e-Mail ID : dptco123@gmail.com
Web Site : dpthakker.com

*D.P. THAKKER & CO.*
*D.P. THAKKER & BROS*
TAX ADVOCATES
"SHREEKUNJ" STATION ROAD
PATAN (N.G) 384265

---

તા: ૧૭/૦૭/૨૦૨૨

ભાઈશ્રી ,

૪૭ મી GST કાઉન્સીલ ની મિટિંગ માં GST કાયદા માં સૂચવવામાં આવેલ ફેરફારો **તા: ૧૮/૦૭/૨૦૨૨** થી અમલી બને છે. કેટલાક અગત્યના ફેરફારો નીચે મુજબ છે.

(૧) કોન્ટ્રાકટનાં ગવર્મેન્ટના કેટલાક કામો જેવા કે બ્રિજ, ટનલ, કેનાલ, ડેમ, ઇરીગેશન ના કામો, પાઈપ લાઈનના કામો, મેટ્રો રેલ કે મોનો રેલ ના કામો ઉપર અત્યાર સુધી ૧૨% પ્રમાણે GST લાગતો હતો તે હવે ૧૮% (CGST-૯% + SGST-૯%)લાગશે.

(૨) સબ કોન્ટ્રાકટરો મેઈન કોન્ટ્રાકટર પાસેથી ઉપર (૧) માં લખેલા કામો સબલેટ રાખીને કરતા હતા તેના ઉપર ૧૨% GST ચાર્જ કરતા હતા તે પણ હવે ૧૮% પ્રમાણે લાગશે.

(૩) ૭૫% થી વધારે અર્થ વર્ક હોય તેવા ગવર્મેન્ટના કામો ઉપર ૫% પ્રમાણે GST લાગતો હતો તે હવે ૧૨% (CGST-૬% + SGST-૬%) પ્રમાણે લાગશે.

(૪) ઉપર (૩) માં લખ્યા મુજબ ના કામો સબકોન્ટ્રાકટરો કરશે તેના ઉપર પણ ૧૨% GST લાગશે.

(૫) રૂ. ૧૦૦૦/- સુધી ના હોટલ ના રૂમ ચાર્જ ઉપર અત્યાર સુધી GST લાગતો નહોતો તે હવે ૧૨% (CGST-૬% + SGST-૬%) પ્રમાણે લાગશે.

(૬) હોસ્પિટલોમાં રૂમ ચાર્જ ઉપર કોઈ GST લાગતો ન હતો તે હવે રૂ. ૫૦૦૦/- થી વધારે ના રૂમ ચાર્જ ઉપર ૫% (CGST-૨.૫%+SGST-૨.૫%) પ્રમાણે GST લાગશે. જોકે ICU, CCU, ICCU,NICU નો રૂમ ચાર્જ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો પણ તેના ઉપર કોઈ GST લાગશે નહીં. તથા હોસ્પિટલો ને કોઈ ITC (ટેક્ષ ક્રેડીટ) મળશે નહીં

(૭) એગ્રીકલ્ચર પ્રોડ્યુસ, અનાજ, સીડ્સ (Seeds), ફ્રુટ, વિગેરે નું ક્લીનીગ, સોર્ટીંગ, તથા ગ્રેડીંગ કરવાની મશીનરી ઉપર અગાઉ ૫% પ્રમાણે GST લાગતો હતો તે હવે ૧૮% પ્રમાણે (CGST-૯%+SGST-૯%) લાગશે.

(૮) મેજર ટેપ્સ, સ્લાઇડ રૂલ્સ, ડ્રાફટીંગ મશીન, કેલ્ક્યુલેટર, પ્રિન્ટિંગ ઇન્ક, ડ્રોઇંગ ઇન્ક, રાઈટીંગ ઇન્ક વિગેરે સ્ટેશનરી આઈટમો ઉપર હવે ૧૮% GST લાગશે. જયારે Maps/Charts/ Atlas ઉપર ૧૨% પ્રમાણે GST લાગશે.

(૯) LED Light અને Fixtures ઉપર ૧૮% GST લાગશે.

(૧૦) નીચેની ચીજ વસ્તુઓ ઉપર અગાઉ જો આ વસ્તુઓ રજિસ્ટર્ડ ટ્રેડ માર્કથી કે બ્રાંડ નેમ (કોર્ટમાં કેસ કરી શકાય તેવું) થી વેચવામાં આવે તોજ તેના ઉપર GST લાગતો હતો પરંતુ હવે જો આ ચીજ વસ્તુઓ " Pre-Packaged and labelled" – પહેલેથી પેક કરેલી અને લેબલ મારીને વેચવામાં આવશે તો તેના ઉપર ૫% પ્રમાણે GST લાગશે. (CGST-૨.૫% + SGST-૨.૫%)
(૧) પનીર (૨) નેચરલ હની (મધ) (૩) કાબુલી ચણા – દેશી ચણા – ગવાર સીડ્સ – બીન્સ (૪) સ્વીટ પોટેટો (શક્કરિયાં) ની સ્લાઇસ તથા પેલેટસ (૫) ડ્રાય મખાના (6) અનાજ-રાઇ – જવ – ઘઉં-

ઓટ્સ – મકાઈ-ચોખા-જુવાર-બાજરી-રાગી-કેનેરી સીડ્સ (૭) અનાજ નાં લોટ – Groats-પેલેટસ (૮) બટાકાનો લોટ તથા તમામ પ્રકારની દાળ ના લોટ (૯) ગોળ – ખાંડસરી (૧૦) પફડ રાઈસ (મુરી) – ખાંડ કે ગોળ થી કોટેડ રાઈસ (મુરકી) (૧૧) નમકીન-મિક્સચર – ભુજીયા (૧૨) ખાતર (૧૩) Flax Yarn – Jute Yarn – વેજીટેબલ ટેક્ષટાઈલ ફાયબર (૧૪) દહી-છાશ-લસ્સી.

(૧૧) "પ્રી પેકેજડ અને લેબલ્ડ" વસ્તુ કોને ગણવી તે માટે GST કાયદામાં એવી જોગવાઈ કરી છે કે લીગલ મેટ્રોલોજી એક્ટ, ૨૦૦૯ ની જોગવાઈઓ મુજબ માલ પ્રી પેકેજડ અને લેબલ્ડ ગણવામાં આવશે. આ કાયદાની કેટલીક અગત્યની જોગવાઈ નીચે મુજબ છે.

(૧) પ્રી-પેકેજડ કોમોડીટી એટલે.

(૧) જેનું પેકીંગ ખરીદનાર ની હાજરી સિવાય કરેલ હોય.

(૨) સીલ કરેલ પેકીંગ હોય કે સીલ કર્યા વગરનું હોય.

(૩) પેકીંગ માં પહેલેથી નક્કી કરેલી ક્વોન્ટિટી (વજન) હોય.

(૨) પ્રોડક્ટ ઉપર તેની MRP, ક્વોન્ટિટી, મેન્યુફેક્ચરરનું કે પેકીંગ કરનારના નામ નું લેબલ લગાવવું પડે.

(૩) હોલસેલ તથા રીટેઈલ બંને વેચાણોને આ કાયદો લાગુ પડે છે.

(૪) રીટેઈલ સેલ એટલે જે વેચાણ સીધું કન્ઝ્યુમર ને કરવામાં આવે.

(૫) હોલસેલ વેચાણ એટલે જેનું વેચાણ સીધું કન્ઝ્યુમર ને ના થતું હોય પણ વચ્ચે બીજા ઈન્ટરમીડીયરી ને થતું હોય.

(૬) આ કાયદો નીચેના સંજોગોમાં/પરિસ્થિતિ માં લાગુ પડતો નથી.

(૧) જો પેકેજ નું વજન ૧૦ ગ્રામ કે ૧૦ મિલી લીટર હોય કે તેનાથી ઓછું હોય (ટોબેકો/ટોબેકો પ્રોડક્ટ્ સિવાય).

(૨) રીટેઈલ સેલ નું પેકીંગ જો ૨૫ કિલો કે 25 લીટરથી વધુનું હોય.

(૩) સિમેન્ટ તથા ફર્ટિલાઇઝર નું રીટેઈલ પેકીંગ ૫૦ કિલો ઉપરનું હોય.

(૪) એગ્રીકલ્ચર પ્રોડ્યુસ-(ખેત પેદાશ) નું રીટેઈલ વેચાણ માટેનું પેકીંગ 50 કીલોથી વધુનું હોય.

(૭) ઉપર લખ્યા મુજબના ચાર અપવાદ સિવાય આ કાયદો બધાને લાગુ પડે છે. એટલે કે આ ચાર અપવાદોવાળી અને જે પ્રી પેકેજડ કોમોડીટી ની વ્યાખ્યામાં ન આવતી હોય તેવી ઉપર પેરા (૧૦) માં લખેલી બધી ચીજવસ્તુઓ ઉપર ૫% પ્રમાણે GST લાગશે.

(૮) જો કે લીગલ મેટ્રોલોજી એક્ટ ની જોગવાઈઓનું અર્થઘટન બહુ અટપટુ છે તેથી ઉપર પેરા (૧૦) માં લખેલ ચીજવસ્તુઓ ક્યારે-કઈ રીતે વેચવામાં આવે તો GST લાગે અને ક્યારે ના લાગે તેના ખુલાસા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરકારશ્રી ને રજુઆત કરી ખુલાસા મેળવવા ખુબ જરૂરી છે.

ઉપર મુજબ ના ફેરફારો **તારીખ ૧૮-૭-૨૦૨૨** થી અમલમાં આવશે.

કુશળ હશો

લી

કનુભાઇ-પીયુષભાઇ-નિખીલભાઇ